## સંક્ષિપ્ત સમાચાર

### અન્નપૂર્ણા સેવા ફાઉન્ડેશન દ્વારા પક્ષીઓને પાણી પીવા માટે બાઉલ અને ઘર વિતરણ કરાયું




**રાજપીપલા** : અન્નપૂર્ણા સેવા ફાઉન્ડેશન દ્વારા આ કાળજાળ ગરમી પડતી હોવાથી પક્ષીઓ માટે પીવા માટે નું બાઉલ અને ચકલીઓ માટે રહેવા માટે ઘર આ અન્નપૂર્ણા ફાઉન્ડેશન દ્વારા કલેક્ટર કચેરીમાં કામ કરતા દરેક કર્મચારીઓને વિતરણ કરવામાં આવ્યું છે આ અન્નપૂર્ણા ફાઉન્ડેશન ગરીબોને જરૂરિયાત પ્રમાણે સેવાઓ પૂરી પાડે છે અને જૂની સબ જેલ પાસે સવારે 11 થી 1:00 વાગ્યા સુધીમાં ગરીબોને નિશુલ્ક ભોજન જમાડે છે એમનું કહેવું છે કે આ સારો સંદેશ પબ્લિકમાં જાય. કાળઝાળ ગરમીમાં અબોલ પશુ પક્ષીઓ ને પડતી તરસ છીપાવવા માટે અન્નપૂર્ણા સેવા ફાઉન્ડેશન દ્વારા પીવા માટે બાઉલ અને ગરમીથી બચવા માટે ઘરનું વિતરણ કરાયું હતું.

### ડભોઇમાં વલ્લભાચાર્યજીની 548મી જન્મ જયંતીની ભારે ઉત્સાહ પૂર્વક ઉજવણી કરાઇ



**ડભોઈ** : પુષ્ટિ સંપ્રદાયના સ્થાપક જગદગુરુ વલ્લભાચાર્યજી ની ૫૪૮મી જન્મ જયંતી ડભોઇ શહેરના વૈષ્ણવોએ ભારે ઉત્સાહ અને ઉમંગભેર ધાર્મિક વાતાવરણ માં ઉજવી હતી. ડભોઇ ઝારોલાવાગાખાતે આવેલ દ્વારકાધીશ મંદિરે સવારના દસ કલાકે સોનાના પલનાના દર્શન થયા હતા.સોનાના પલનામા પ્રભુને મુખ્યાજી દ્વારા લાડ લડાવ્યા હતા.દ્વારકાધીશ હવેલીમાં છેલ્લા સાત દિવસથી પાઠનું સ્મરણ કરવામાં આવતું હતું.સાંજના છ કલાકે મંદિરની બહાર પરિસરમાં બાંધેલ મંડપમાં વલ્લભાચાર્યજીની છબી સિંહાસન પર પધરાવી હતી. ત્યારબાદ વૈષ્ણવ મહિલાઓ દ્વારા ભક્તિમય ગીતો રજૂ કરવામાં આવ્યા હતા.ગરબા પણ ભક્તિમય રીતે ગાવામાં આવ્યા હતા.

### ડભોઇમાં મદીના અરેબિક એકેડમી ટ્રસ્ટ ધ્વારા મદ્રેસાના ભુલકાઓનો ઇનામી જલસો યોજાયો



**ડભોઈ** : ડભોઇ કાજીવાડા મસ્જીદ પાસે આવેલ ગુલશને મદીના અરેબિક એકેડમી મદ્રેસા ટ્રસ્ટ ધ્વારા મદ્રેસામા ઇસ્લામી તાલીમ લેતા ભુલકાઓની પરીક્ષા બાદ પ્રથમ ઇનામી જલશાનુ આયોજન કરાયુ હતુ.જેમા મુખ્ય મહેમાન તરીકે હઝરત સૈયદ મોહમ્મદ હમઝા અશરફ એ હાજરી આપી હતી.જ્યારે મદ્રેસા ના ભુલકાઓ એ નાત મનકબત, તિલાવતે કુરાન,સવાલ જવાબ, ઇંગલિશ સ્પીચ સહીત ઇસ્લામી જ્ઞાન પિરસ્યુ હતુ.જે બાદ મા પ્રથમ એક થી 03 નંબરે પાસ થયેલ ભુલકાઓને ઇનામ વિતરણ કરાયા હતા. ગુલશને મદીના અરેબિક એકેડમી મદ્રેસા ટ્રસ્ટ ધ્વારા મદ્રેસા મા ઇસ્લામી તાલીમ કુરાન પઢતા, કંઠસ્થ કરતા,આલીમ બનતા અને સારા અખ્લાક (સંસ્કાર) શીખતા બાળકો ની વાર્ષિક પરીક્ષા બાદ તેઓને પ્રોત્સાહન ના ભાગરુપે ઇનામ આપવામા આવે છે.

### કવાંટ બજાર ફળિયામાં ચૈત્ર માસ નિમિત્તે માતાજીના હવનનો કાર્યક્રમ યોજાયો



**કવાંટ** : ચૈત્ર માસ એટલે પવિત્ર માસ ચૈત્ર માસમાં દરેક મંદિરોમાં ફળિયાઓમાં શેરીઓમાં ઘરોમાં માતાજીની પૂજા અર્ચના અને હવનનો પણ કાર્યક્રમ યોજવામાં આવે છે કવાટ ના બજાર વિસ્તારમાં પણ દર વર્ષે ચૈત્ર માસમાં માતાજીનો હવન નો કાર્યક્રમ યોજાય છે જેમાં કવાટના બજાર વિસ્તારના ભાવિક ભક્તો પૂજા અર્ચનામાં ભાગ લે છે કવાંટ નગરજનો એ આ ચૈત્રીમાં હવન માં શ્રીફળ હોમીને દર્શનનો લાવો લીધો હતો. કવાંટમાં પવિત્ર ચેત્ર માસ નિમિત્તે મંદિરોમાં માતાજીના હવન નો કાર્યક્રમ મંદિરોમાં યોજવામાં આવે છે. જેને પગલે સમગ્ર કવાંટ પથંકમાં દરેક મંદિરોમાં માતાજીનો હવન કરાયો હતો. જેમાં ગ્રામ લોકો હાજર રહી હવનનો લાભ લીધો હતો.

---

**છોટાઉદેપુર જિલ્લામાંથી પસાર થતા હાઇવે 56ને ફોરલેન બનાવવા માટે તૈયારીઓ**

# હાઈવે પહોળો કરવા નસવાડી અને બોડેલી વચ્ચે 2500થી વધુ વૃક્ષો કાપી નંખાશે

**નસવાડી** રેન્જ ફોરેસ્ટ સામાજિક વનીકરણ વિભાગની કચેરીઓની હદમાં આવતા વૃક્ષો નું સર્વે કરાયું



(પ્રતિનિધિ) નસવાડી, તા. 25

નસવાડી બોડેલી રોડ ઉપર નસવાડી અને સંખેડા રેન્જના 2500થી વધુ વૃક્ષો હાઈવે પહોળો કરવા માટે કાપવા માટે વન વિભાગની વડી કચેરી પાસે મંજૂરી માંગવામાં આવી છે. જયારે મોટી સંખ્યામાં વૃક્ષો કાપવા પડશે તેની વનવિભાગ તૈયારી કરી રહ્યું છે.

છોટાઉદેપુર જિલ્લામાંથી નેશનલ હાઈવે 56 પસાર થાય છે. આ રસ્તાને ફોરલેન બનાવવા માટે સરકાર દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે. અલગ અલગ વિભાગો દ્વારા સર્વે ની કામગીરી ચાલી રહી છે. નેશનલ હાઈવે 56 સ્ટૅચ્યુ ઓફ યુનિટી અને મુંબઈ સુધીનો નવો માર્ગ બનાવવા માટે નસવાડી બોડેલી રોડ ઉપર નસવાડી રેન્જ ફોરેસ્ટ સામાજિક વનીકરણ વિભાગ અને સંખેડા રેન્જ ફોરેસ્ટ સામાજિક વનીકરણ વિભાગની કચેરીઓની હદમાં આવતા વૃક્ષોનું સર્વે કરવામાં આવ્યું હતું. જેમાં નસવાડી કચેરીના 1500 જેટલા વૃક્ષો અને સંખેડા ની કચેરીના 1000 જેટલા વૃક્ષો રોડ પહોળો કરવાની હદ માં આવતા ગોધરા ખાતે આવેલી વડી કચેરી માં દરખાસ્ત મોકલવામાં આવી છે. સરકારની મંજૂરી લઈને વૃક્ષો કાપવામાં આવશે. નવો રસ્તો બનાવવા માટે મોટી માત્રામાં વૃક્ષો નિકંદન કરવું પડશે. નસવાડી બોડેલી રોડ ઉપર 30 કિલોમીટર ના માર્ગ માં મોટાભાગ ના વૃક્ષો કાપવા પડશે. હાલ તો વનવિભાગે મંજૂરીમાં દરખાસ્ત મોકલી દેતા ગમે તે સમયે વૃક્ષો કાપવાની મંજૂરી આપશે. જયારે બોડેલી પ્રાંત કચેરી દ્વારા રસ્તા ઉપર જે ખેડૂતોની જમીનો આવે છે. નવો ફોરલેન માર્ગ બનાવવા માટેની તૈયારીઓ આરંભી દેતા હજારો વાહન ચાલકો ને આનો ફાયદો થશે જોકે નવા વૃક્ષો ઉછેરવામાં નહીં આવે તો પર્યાવરણને મોટું નુકસાન થશે.

# એકતાનગર ટેન્ટસિટી-૨ ખાતે આજથી વેસ્ટર્ન રિજનલ કોન્ફરન્સનો પ્રારંભ થશે

(પ્રતિનિધિ) રાજપીપલા, તા. 25

નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે આગામી તા.૨૬મી અને ૨૭મી એપ્રિલ ૨૦૨૫ ના રોજ યોજાનાર વેસ્ટર્ન રિજનલ કોન્ફરન્સ તથા મેગા લીગલ કેમ્પનું આયોજન ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરિટી દ્વારા અવેરનેસ અને એન્ડ એમ્પાવરમેન્ટ કેમ્પ યોજાશે. નાલસા થીમ આધારિત સંરક્ષણ અને અમલીકરણ આદિવાસીઓની કેન્દ્ર-રાજ્ય-૨૦૧૫ સાથે ફ્લેગશીપ યોજનાઓના જનજાગૃતિ કાર્યક્રમ અંતર્ગત નાલસાના ત્રણ દાયકાની ઉજવણીની શરૂઆત અને પશ્ચિમ પ્રાદેશિક પરિષદ આયોજિત રાષ્ટ્રીય કાનુની સેવા પ્રાધિકરણ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા પ્રાધિકરણ દ્વારા એકતાનગર ટેન્ટસિટી-૨ ખાતે ૨૬મી એપ્રિલ ૨૦૨૫ ના રોજ સવારે ૯:00 કલાકે સુંદર ભવ્ય કોન્ફરન્સનું આયોજન થઈ રહ્યું છે. કાર્યક્રમના પ્રારંભમાં નાલસા સોંગ પ્રસ્તુત કરાશે અને રોપાને પાણી સિંચન કરવામાં આવશે ત્યારબાદ નાલસાના સભ્ય સચિવશ્રી દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવશે. ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ બિરેન વૈષ્ણવ દ્વારા કાર્યક્રમની રૂપરેખા અને સેમીનાર અંગે જાણકારી અપાશે.

આ કોન્ફરન્સમાં મુખ્ય અતિથિ વિશેષ માન. જસ્ટિસ ભૂષણ રામક્રિષ્ના ગવઈ સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયા વહીવટી ચેરમેન નાલસા, માન. જસ્ટિસ સૂર્યકાંન્ત સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયા અને ચેરમેન એસ. સી. એલ. એસ. સી., ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ ગુજરાત હાઈકોર્ટ અને પેટ્રોન જી.એસ.એલ.એસ. જસ્ટીસ બિરેન એ.વૈષ્ણવ ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી ચેરમેન એ.એસ. સુપેહીયા એચ. સી. એલ. એસ. સી., નાલસાના મેમ્બર સેક્રેટરી એસ.સી મુઘટે સહિત વેસ્ટર્ન રિજનલના હાઈકોર્ટના જસ્ટિસઓ અને આર. એ. ત્રિવેદી મેમ્બર સેક્રેટરી ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસના સંલગ્ન કોર્ટના જસ્ટિસ ઉપસ્થિત રહેશે.

### ITI પાદરા (મહુવડ) માં તાલીમાર્થીઓ માટે શૉર્ટ ટર્મ ટ્રેડમાં પ્રવેશ ચાલુ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 25

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાની ઔદ્યોગિક તાલીમ સંસ્થા, મહુવડ ખાતે શોર્ટ ટર્મ ટ્રેડ માટે તાલીમાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે. જેમાં સિનિયર ટિગ વેલ્ડરની લાયકાત ધોરણ ૧૨ પાસ, આઈ.ટી.આઈ. વેલ્ડર અને બે વર્ષનો વેલ્ડિંગનો અનુભવ તથા ફિલ્ડ ટેકનિશિયન કોમ્પ્યુટર અને પેરી ફરેલ્સ માટે ધોરણ - ૧૨ પાસ/ ડિપ્લોમા ગ્રેજ્યુએટ ની લાયકાત ધરાવતાં ઉમેદવારો અરજી કરી શકશે. ઈચ્છુક ઉમેદવારોને વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવવા માટે આચાર્ય, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, પાદરાની એક યાદીમાં જણાવાયું છે.

પાદરા તાલુકાની ઔદ્યોગિક તાલીમ સંસ્થા, મહુવડ ખાતે શોર્ટ ટર્મ ટ્રેડ માટે તાલીમાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે. તેમ યાદી જણાવવામાં આવ્યું છે.

**પહલગાવમાં ધર્મ પુછી આતંકવાદીઓએ 26 હિન્દુઓની હત્યાનો મામલો, રાજપીપળા ખાતે પાકિસ્તાન વિરુદ્ધ નારા લગાવ્યા**

# પહેલગામમાં આંતકવાદી હુમલાને લઈને વાઘોડિયા, પાદરા, રાજપીપલા અને કવાંટ ખાતે મશાલ રેલીઓ નીકળી

#### પહેલગાવ હુમલાને લઈ વાઘોડિયામાં રેલી નીકળી



#### આતંકી હૂમલાને લઈ પાદરામાં શ્રદ્ધાંજલિ અપાઈ



#### રાજપીપલામાં પાકિસ્તાન વિરોધી નારા લગાવાયા




#### કવાંટ બજારમાં મસાલ રેલીનું આયોજન કરાયું



(પ્રતિનિધિ) વાઘોડિયા, પાદરા, રાજપીપલા, કવાંટ, તા. 25

પહેલગામમાં આંતકવાદી હુમલામાં 26 નાગરિકોના મોત બાદ સમગ્ર ભારતમાં આક્રોશ ફાટી નીકળ્યો છે કવાંટ નગરમાં ગ્રામજનો દ્વારા રાત્રે 9:00 કલાકે બજારમાંથી મસાલ રેલીનું આયોજન કર્યું જેમાં પાકિસ્તાન મુર્દાબાદ હિન્દુસ્તાન જિંદાબાદ આતંકવાદ ખતમ કરો ના નારા કવાંટ નગરમાં શેરીઓમાં ગુંજી ઉઠ્યા હતા કવાંટ નગરમાં પહેલગામ માં નિર્દોષ નાગરિકોના આંતકવાદી દ્વારા મોત નીપજાવતા સમગ્ર ભારત દેશમાં તમામ કોમના લોકો દ્વારા આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે ત્યારે કવાંટ નગરમાં બજારથી ગતરોજ 9:00 કલાકે કવાંટ નગરના યુવાનો દ્વારા મસાલ રેલીનો આયોજન કરવામાં આવ્યું કવાટ માં હિન્દુ મુસલમાન વોહરા સમાજ આમ તમામ સમાજના લોકો દ્વારા રેલી કઢાઈ હતી.

**નિવૃત્ત RFOના ઘરમાંથી 27.56 લાખની મતાની ચોરી કરી હતી**

# વાઘોડિયામાં ભર બજારે ચાર આરોપીનું સરઘસ, ઘટના સ્થળે આરોપીઓનું રિકન્સ્ટ્રકશન

**સીસીટીવી** ફુટેજના આધારે ચોરીના ગુનાનો ભેદખુલ્યો

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. 25

વાઘોડિયા નગરના દ્વારકાધીશ મંદિર પાસે 13 એપ્રીલે નિવૃત આર એફ ઓ જીતેન્દ્રકુમાર જયંતીલાલ કાશીવાલા ના બંધ મકાનમા રાત્રિના દરમ્યાન તાડુ તોડી તસ્કરોએ 34.5 ગ્રામ જેટલા સોનાચાંદિના દાગીના ની ચોરી કરી ફરાર થતા આ ચકચારી ઘટનાનો પોલીસે સપ્તાહમાંજ ભેદ ઊકેલી આશરે 27, 56000ની કિંમતના ઘરેણા અને રોકડની ચોરીના ગુન્હામા



વડોદરા ગ્રામ્ય LCB તેમજ વાઘોડિયા પોલીસ અને ફોરેન્સી વિભાગ અને ડોગસ્કોર્ડ દ્વારા વિવિધ ટીમો, સીસીટીવી ફુટેજ સહિત સર્વેલન્સની મદદથી એક જગ્યાએ ગુનામા વપરાયેલ સફેદ કલરની મારૂતી સ્વીફટ ગાડીનો નંબર વેરીફાઈ કરતા એક પછી એક કડીઓ મડતા(૧) રાકેશભાઈ સતીષભાઈ ચૌહાણ ઉ.વ.30 ધંધો.ટેલર રહે, ૩૪, સ્નેહલ પાર્ક બજાર સમિતી રોડ, વાઘોડીયા (૨) ફીરોજ ઉર્ફે સલીમ દાઉદભાઈ કાજી ઉ.વ.૪૮ ધંધો-કન્ટ્રકશન રહે, સાલેપાર્ક સોસાયટી,પાલેજ તા.જી.ભરૂચ (3) હાજીભાઈ મહમદભાઈ ઘાંચી ઉ.વ.૪૫ ધંધો.ખેતી સતોષનગર, જલારામનગર, નવાબજાર, કરજણ, જી.વડોદરાને ઝડપી પાડ્યાબાદ એક આરોપી રામજી ઊર્ફે રાજુ ઉર્ફે રામલાલ જલામા મિના રહે.ઊદયપુર રાજસ્થાનથી ધરપકડ કરી હતી.

**પાલિકા દ્વારા રાત્રીના સમયે સફાઈ કામદારોને ગટરમાં ઉતારાય છે**

# સાવલી પાલિકામાં સફાઈ કામદારો પાસેથી સુરક્ષા વિના કરાવાતી કામગીરી

**પાલીકાની** પાસે અત્યાધુનિક વેક્યુમ મશીન છે તેનો ઉપયોગ શા માટે નથી કરાતો

(પ્રતિનિધિ) સાવલી, તા. 25

સાવલી નગર ના વિવિધ વિસ્તારોમાં ગટરો ઉભરાય છે તેના કારણે દુર્ગંધ મારતું પાણી નગરના માર્ગો પર રેલાય છે તેવામાં નગરની ગટરો ઉભરાતી હોવાથી ગટર ની કઈ કુંડી ચોક અપ થઈ છે ?? તેની તપાસ કરતા પોલીસ મથક પાસે ગટર ચોક અપ થઈ હોવાનું જણાયું હતું પરિણામે ગટરો ઉભરાતી હતી માટે પાલિકાના સફાઈ કર્મી ને



ગટરમાં ઉતરીને રોડ પર ડીઝલ પંપ મૂકીને આખી ગટર દુર્ગંધ મારતું પાણી રોડ પર છોડી દેવામાં આવ્યું હતું અંધારી રાતમાં ગટરની સાફસફાઈ કરતા ગંદુ પાણી જાહેર માર્ગો ફરી વળ્યું હતું સાથે સાથે એક કામદારને ગટર માં ભારે બેદરકારીપૂર્વક સેફ્ટી ની ખરાઈ કર્યા વગર ઉતારવામાં આવ્યો હતો અને આ સમયે પાલિકાનો કોઈ જવાબદાર પદાઅધિકારી અને અધિકારી હાજર ન હતો

આ દુર્ગંધ મારતું ગંદુ ગટરના પાણી રસ્તા પર ફેલાતા રાહદારીઓ ને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે પાલિકાની એવી કઈ મજબૂરી હતી કે સરકાર નો આદેશ છે કે સેફટીના સાધનો વીના સફાઈ કામદારને ગટર માં ઉતારવો નહીં તેમ છતાંય પાલિકા દ્વારા સફાઈ કર્મી નો જીવ જોખમ માં મૂક્યો હતો.

સાવલી પાલીકાની પાસે અત્યાધુનિક વેક્યુમ મશીન છે તેનો ઉપયોગ શા માટે નથી કરાતો સવાલો કરી રહ્યા છે.

# કવાંટ તા. પં. કચેરી દ્વારા 15% નાણાપંચ આયોજન હેઠળ અગિયાર ટેન્કરો ગ્રામ પંચાયતોમાં આપવામાં આવ્યા

**પંચાયતોમાં** પીવાના પાણીની ટેન્કર આપતા ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો છે

(પ્રતિનિધિ) કવાંટ, તા. 25

કવાંટ તાલુકા પંચાયત કચેરી દ્વારા આજરોજ 15 મુ નાણાપંચ તાલુકા કક્ષા 20% નું આયોજન વર્ષ 2021/22 અંતર્ગત 11 પીવાના પાણીના ટેન્કરો નું વિતરણ કરવામાં આવ્યું જેમાં એક ટેન્કરની કિંમત 1,50,000



છે તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ પિન્ટુભાઈ વિજયભાઈ રાઠવા તાલુકા પંચાયત ઉપપ્રમુખ ભારેશભાઈ રાઠવા ગુજરાત યુવા મોરચા ભાજપા ઉપપ્રમુખ મુકેશભાઈ રાઠવા કવાંટ તાલુકા પંચાયત સદસ્યો કવાંટ તાલુકા ભાજપ પ્રમુખ દ્વારા દરેક ટેન્કરોની પૂજા કરીને લીલી ઝડી આપી હતી ગ્રીષ્મ ઋતુ ની શરૂઆતથી જ કવાંટ તાલુકામાં પીવાની પાણીની સમસ્યા ચાલી રહી છે ત્યારે કવાંટ તાલુકા પંચાયત દ્વારા અગાઉ પણ 12 પંચાયતમાં અને હાલમાં 11 પંચાયતોમાં પીવાના પાણીની ટેન્કર આપતા ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો છે

કવાંટ તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ પીન્ટુભાઈ વિજયભાઈ રાઠવા કવાંટ તાલુકામાં હાલમાં ઉનાળામાં પીવાના પાણીની સમસ્યા ખૂબ જ છે બોર મોટરોમાં પાણીના સ્તર ઊંડા જતા હાલમાં ઘણા બોર પણ બંધ થઈ ગયેલ છે બોર માં પાણી હોય ત્યાંથી અન્ય ફળિયામાં જ્યાં પીવાના પાણીની સુવિધા ન હોય ત્યાં આ ટેન્કરો દ્વારા પાણી પૂરું પાડવા માટે ગ્રામ પંચાયતોને ટેન્કરો ફાળવાયા છે.

# બાગાયતી ખાતાની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે આઈ-ખેડૂત પોર્ટલ 2.0 પર નોંધણી કરવી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 25

તા. ૩૧/૦૫/૨૦૨૫ સુધી પોર્ટલ ખુલ્લું રહેશે અને ખેડૂતો અરજી કરી શકશે.

વડોદરા જિલ્લામાં બાગાયતી પાકોની ખેતી કરતા ખેડૂતો વર્ષ ૨૦૨૫-૨૬ માટે બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓ હેઠળ સહાય મેળવી શકે તે માટે આઈ-ખેડૂત ૨.0 ખુલ્લું મૂકવામાં આવ્યું છે. બાગાયત ખાતાની વિવિધ સહાય યોજનામાં લાભ લેવા માગતા હોય તેવા ખેડૂતોએ પોર્ટલ પર નોંધણી કર્યા બાદ જ અરજી કરવાની રહેશે.

બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ અંતર્ગત અર્ધ પાકા મંડપ, પાકા મંડપ, કાચા મંડપ, ક્રોપ કવર (શાકભાજી પાકો માટે), ક્રોપ કવર/બેગ (કેળ/ પપૈયા પાક માટે) બાગાયત નિયામકની કચેરી (રાવપુરા પોલીસ સ્ટેશન પાછળસ વડોદરા - ફોન નં. ૦૨૬૫ ૨૪૨૯૧૫૩) એ રૂબરૂ અથવા ટપાલથી જમા કરાવવા અખબારી યાદીમાં જણાવાયું છે.